1. સલ્તનતશાસનમાં કુલ કેટલા વંશ હતા? કયા કયા?

➢ સલ્તનતશાસનમાં કુલ પાંચ વંશો હતો : (1) ગુલામ, (2) ખલજી, (3) તુઘલક, (4) સૈયદ અને (5) લોદી. .

2. કુતબદીને સ્થાપેલો વંશ 'ગુલામવંશ' કેમ કહેવાય છે?

➢ ગુલામવંશના કુલ નવ શાસકોમાંથી મુખ્ય ત્રણ શાસકો (1) કુતુબુદીન ઐબક, (2) ઈલ્તિમિશ અને (3) બલ્બને મુળ ગુલામ હતા. આથી કુતુબુદીને સ્થાપેલો વંશ ''ગુલામવંશ'' કહેવાય છે.

3. તુઘલકવંશની સત્તાનો અંત શાથી આવ્યો?

➢ ફીરોજ તુઘલકનો વારસદારો દૂરદપ્રિતિ ધરાવતા ન હતા. તિપૂર લંગના આક્રમણોને લીધે ફિરોજ તુઘલકના પુત્ર નાસિરૂદીન મોહમદના શાસનકાળમાં પલકવંશની સત્તાનો અંત આવ્યો.

4. તિમુર લંગે કયા કયા પ્રદેશો પર લૂંટ ચલાવી ?

➢ તિમુર લંગે ઈ. સ. 1398 - 99માં દિલ્લી લુંટ્યું. તે પછી મેરઠ , હરિદ્વાર, કાંગરા અને જમ્મુ ને જીતી ત્યાં લૂંટ ચલાવી.

5. તિમૂર લંગે પોતે જીતેલા પ્રદેશોમાં શી વ્યવસ્થા કરી ?

➢ તિમુર લંગે સમરકંદ, પરત કરતાં મુલતાન, લાહોર અને દિપાલપુરના સરહદી રાજ્યોમાં પોતાના સૂબા તરીકે ખિજરખાની નિયુક્તિ કરી .

6. દિલ્લીમાં દિલ્લી સલ્તનતની સ્થાપના કોણે કરી હતી ?

➢ શિહાબુદીન ઘોરીએ રાજપૂત રાજા પૃથ્વીરાજ ચૌહાણને પરાજય આપી, દિલ્લીમાં દિલ્લી સલ્તનતની સ્થાપના કરી હતી.

7. ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતનો પાયો કોણે નાખ્યો હતો? તેણે કયા શહેરની સ્થાપના કરી હતી ?

➢ ગુજરાતની સ્વતંત્ર સલ્તનતનો પાયો એહમદશાહે નાખ્યો હતો. તેણે આસાવલે પાસે સાબરમતી નદીના કિનારે અમદાવાદ શહેરની સ્થાપના કરી હતી.

8. ગુજરાતના સુલતાનોમાં બેગડો તરીકે કોણ ઓળખાય છે ? શાથી ?

➢ ગુજરાતના સુલતાનોમાં મહમૂદ બેગડો 'બેગડો' તરીકે ઓળખાય છે. તેણે ગુજરાતના બે ગઢ - ચાંપાનેર અને જૂનાગઢ જીત્યા હોવાથી તે 'બેગડો' કહેવાય છે.

9. માળવાના અલગ રાજ્યની સ્થાપના કોણે કરી? કઈ રીતે?

➢ માળવાના અલગ રાજ્યની સ્થાપના દિલાવરખાન ઘોરી નામના જાગીરદારે કરી હતી. તેણે દિલ્લી સલ્તનત પતન તરફ જતાં સર્જાયેલ અવ્યવસ્થાનો લાભ લઈ ધારાનગરી ખાતે પાટનગર બનાવી માળવાના અલગ રાજ્યની સ્થાપના કરી.

10.જૌનપુર શહેર કયા શાસકે કોની યાદમાં વસાવ્યું હતું?

➢ ફિરોજ સુધલ કે બનારસથી 34 માઈલ વાયવ્યમાં પોતાના પિતરાઈ ભાઈ જુનાખાન સુલતાન મુહમ્મદ તુઘલકોની યાદમાં જૌનપુર શહેર વસાવ્યું હતું.

11.લંગાણીવંશની સ્થાપના કોણે કરી? કઈ રીતે?

➢ લંગાણીવંશની સ્થાપના રાય સહરા નામના જાગીરદારે કરી હતી. તેણે મુલતાનના શેખ યુસુફ કુરેશીને પરાજય આપીને લંગાણીવંશની સ્થાપના કરી હતી.

12.'આંધ્રભોજ' તરીકે કયો રાજા ઓળખાય છે ? તેણે કઈ ભાષામાં કયા કાવ્યની રચના કરી હતી?

➢ વિજયનગર સામ્રાજ્યના તુવંશનો કૃષ્ણદેવરાય આંધ્રભોજ તરીકે ઓળખાય છે. તેણે તેલુગુ ભાષામાં 'આમુક્ત-માલ્યદા' નામના કાવ્યની રચના કરી હતી.

13.બહમની રાજ્યની સ્થાપના કોણે કરી ? તેણે ક્યાં નગર ને પોતાના રાજ્યની રાજધાની બનાવી?

➢ અફઘાન અમીર હસન ઝફરખાંએ અલાઉદીન બહમાન શાહ નામ ધારણ કરી બહમની રાજ્યની સ્થાપના કરી. તેણે દોલતાબાદ મા ભીમા નદી પર આવેલ ગુલબર્ગને રાજધાની બનાવી.

14.ભક્તિ આંદોલનના ઉદય માટે કયાં પરિબળો જવાબદાર હતાં ?

➢ ભક્તિ આંદોલનના ઉદય માટે મુખ્યત્વે ત્રણ પરિબળો જવાબદાર હતાં . (1) ઈસ્લામનું આગમન અને સૂફી પરંપરાનો વિકાસ (2) સામંતવાદી સમાજરચના તથા (3) મધ્યયુગીન સમાજમાં નવિન સામાજિક-આર્થિક પરિવર્તનો.

15.ભક્તિ આંદોલનની શરૂઆત ઉત્તર ભારત તથા દક્ષિણ ભારતમાં કયા સંતોએ કરી?

➢ ભક્તિ આંદોલનની શરૂઆત ઉત્તર ભારતમાં રામાનંદ તથા દક્ષિણ ભારતમાં રામાનુજાચાર્યએ કરી.